પૈસા સીરીઝ.—મણકો ૧ લો.

ઉર્મિલા હરણ.

છપાવી પ્રસિદ્ધ કરનાર, હીરાલાલ વર્દ્ધમાન શાહ.
ભીંડીબજાર, વોરાનો નવો માળો મુંબઇ નં. [illegible]
સને ૧૯૧૩. કીંમત એક પૈસો. પ્રત ૧૦૦૦૦.
ધર્મવિજયપ્રેસપાયધુનીનં. ૫૭૨-મુંબઈમાં હરજીવન ભ. છા.

વાંચો ને રૂ. ૩) લ્યો.

ફોટો ઉપરથી સુંદર હાઇકલાસ છબી કરાવવી હોયએતો
આ ઠેકાણું નોંધી લેજો.

એનલારજો ફોટ કંપની.

ઠેકાણું—બોરીબંદર પાસે એમપાયર બીલ્ડીંગમાં
કોટ—મુંબઈ.

રૂ. ૩)નું ઈનામ—૧૬ ઇંચ પહોળી અને ૨૦ ઇંચ ઉંચી સુંદર છબી જેના આજ સુધી રૂ. ૫) પડતા હતા તે એક માસની અંદર જે કોઈ વાંચક આ જાહેર ખબરમાં પોતાનું નામ ઠામ ભરી મોકલે તેને રૂ. ૩)માં કરી આપીશું, ઉપરાંત એક સુંદર ચીની ફોટો ઈનામમાં આપીશું. આ મોટી છબીમાં જેવો ફોટો હોય તેવુંજ આબેહુબ કામ થાય છે અને કશો ફરક આવતો નથી. તેથી જેમ ફોટો સારો તેમ છબી સારી થાય છે. જુના પીળા ને બગડેલા ફોટોપરથી તદન નવી છબી કરવાના ભાવ વધારે છે. આર્ડરના પુરા નાણાં અગાઉથી લેવામાં આવશે.

પેરીસના લોકોને મોહીની લગાડી રહેલી સીપિયા રંગની છબીના રૂ. ૧૦)

રૂ. ૧૨) વાળી વોટરપેન્ટની હમારી છબીના બીજાઓ રૂ. ૧૨૫) લે છે. હાઇકલાસ ઓઇલપેન્ટ એકદમ સસ્તામાં કરીએ છીએ.

આવો!! ટ્રાઇ કરો!!! ખાત્રી કરો!!!

ઉર્મિલા હરણ.

સુર્યપુર શહેરમાં ચમનરાય નામના નાગર ગૃહસ્થ પોતાની સ્ત્રી સારદાગવરી સાથે રહેતા હતા. એ કુટુંબ પૈસેટકે સુખી અને શારિરિક સંપત્તિમાં તંદુરસ્ત હતું, તેમને પેટે એક પુત્ર અને એક પુત્રી એમ બે ફરજંદ હતા. ચમનરાયની ઉમર લગભગ ૪૦ વર્ષની હતી તે ત્યાંની અદાલતમાં નાજરના હોદ્દા પર હતા. મોટો ચંદ્રમણી હતો અને છોકરી નાની હતી, તેને ઉર્મિલાના મોહક નામથી સર્વ કોઇ ઓળખતું હતું. ચમનરાય સુર્યપુરમાં એક પ્રસિદ્ધી પામેલા ગૃહસ્થ હતા, તેમનું ધાર્મિક જ્ઞાન બહુજ ઉમદા હતું તેથી તે એક ધાર્મિક પુરૂષોની ગણનામાં ગણાતા હતા, જોકે તે સરકારી નોકરીમાં હતા છતાં તેમનું પ્રમાણિકપણું પ્રંસસનીય ગણાતું હતું. તેમની અર્ધાંગ્ના સારદાગવરી ભણેલી અને ચાલતા જમાનાને માન આપનારી હતી તેમજ તે ધર્મ પરાયણ હતી. તે ઘરના કામકાજથી પરવારી બાકીનો વખત ધર્મકથાઓ વાંચવામાં અને શ્રોતાજનોને સંભળાવવામાંજ ગાળાતી હતી તેથી નવરા બેસી નખોદવાળનારી સ્ત્રીઓની ગણનામાં સારદાગવરીનું નામ ગણાતું નહતું.

સુર્યપુર શહેરના રહીશોમાં સંગીતનો બીજાં શહેરો કરતાં અતિ શોખ જોવામાં આવે છે તે શોખમાંથી આ કુટુંબ કંઈ છુટું નહતું. ચમનરાયની વય જો કે ૪૦ વર્ષની હતી છતાં સંગીતમાં તે એક કાબેલ ગણાતા હતા, હરદાસની કથા વાજિંત્ર સાથે અચ્છી

રિતે લલકારી ભક્તજનોનું મન હરી લેતા હતા, જેની સાથે સારદા-ગવરી પણ સંગીત કાર્યમાં અસાધારણ ભાગ લેતાં હતાં.

આ વાર્તાની નાયિકા ઉર્મિલાની વય અત્યારે ફક્ત ૪ વર્ષની હતી ત્યારે તેના ભાઇ ચંદ્રમણીની વય ૧૦ વર્ષની હતી અને બન્ને ભાઇ બેનનો સંપ અને સંબંધ ઘણોજ અલૌકીક હતો ભાઇના દુઃખે બેન દુઃખી અને બેનના દુઃખે ભાઇ દુઃખી થતો. ઉર્મિલા તદ્દન બાળવયની હતી છતાં તેની ભાષા ચોખી અને મનને પ્રીય લાગે તેવી મધુર હતી ત્યારે રૂપે રંગે પણ દેખાવડી હતી.

ઉર્મિલાને પાંચમું વર્ષ બેઠું એટલે તેને શુભ મુહુર્તે ત્યાંની કન્યાશાળામાં દાખલ કીધી જ્યાં તે ૩ વર્ષમાં ગુજરાતી ૪ થા ધોરણમાં ૧ લે નંબરે પાસ થઇ તેથી તેના પિતાએ તેને અંગ્રેજી શીક્ષણ આપવાનો વિચાર કર્યો જેમા સારદાગવરી તરફથી ટેકો મળતાં અંગ્રેજી સ્કુલમાં દાખલ કરી. અંહિયા પણ ઉર્મિલાએ પોતાનું નામ આગળ કાઢયું. તે હર હમેશાં ઉચ્ચ નંબરે પરીક્ષા પસાર કરવા લાગી અને ઇનામોના થોકડે થોકડા મેળવવા લાગી જોત જોતામાં તે અંગ્રેજી ચાર ધોરણમાં પ્હોંચી ગઇ ત્યાર પછી કન્યાઓને માટે જુદી હાઇસ્કુલ નહિ હોવાથી તેના પિતા ઉર્મિલાના અભ્યાસ માટે ચીંતા કરવા લાગ્યા પરંતુ સારદાગવરીએ જણાવ્યું કે જો છોકરાઓની સાથે કન્યાને શિક્ષણ લેવા દેવા અંહિયાની હાઇસ્કુલ વાંધો ન લે તો આપણે તેમાં ઉર્મિલાને દાખલ કરવી. છેવટે ત્યાંના કલેકટરની ચીઠીથી ઉર્મિલાને હાઇસ્કુલમાં દાખલ કરવામાં ફત્તેહ મળી.

આ સમયે ચંદ્રમણી મેટ્રીક કલાસમાં હતો તે કાંઇ ઉર્મિલાથી અભ્યાસ કરવામાં ઉતરતો નહતો. પ્રતિવર્ષે સરકારી નોકરોની થતી

ફેરબદલીમાં ચમનરાયની બદલી રૂા. ૨૦ ના પ્રમોશનથી મુંબાઇના કલેકટરની ઓફીસમાં થઇ જેથી એ કુટુંબને મુંબઇમાં આવી રહેવા ફરજ પડી. ચમનરાય પોતાની બદલી થવાથી ઘણાંજ ખુશી થયા હતા કારણ કે તેમને પ્રમોશન મલ્યું તેની સાથે પોતાની ભાવી પ્રજાને વિદ્યાદાન આપવાનું સ્થાન મલ્યું. મુંબઇમાં આવી પ્રથમ તે કાંદાવાડીમાં એક ભાટીયા ગૃહસ્થના માળામાં રહ્યા. ઉર્મિલાને ચંદારામજી હાઇસ્કુલમાં દાખલ કરી. બીજા બે માસ થયા નહિ એટલામાંતો કાંદાવાડીમાં અને બીજા કેટલાક ભાગોમાં પ્લેગ જોસબંધ ફાટી નીકળ્યો જેના પરિણામે ચમનરાયે કાંદાવાડી છોડી મુંબાઇના કોઇ પરામાં જઇ રહેવા વિચાર કીધો. થોડા દિવસમાં ઘાટકુપરમાં પોતાને લાયક એક બંગલાનો અર્ધોભાગ મળી આવ્યો જેમાં ચમનરાયનું કુટુંબ જઇ રહેવા લાગ્યું.

ચમનરાય, નાગરી નાતમાં પ્રતિષ્ઠીત અને પટેલીયાની ગણત્રીમાં ગણાતા હતા તેથી પોતાના છોકરા વરાવવાને માટે ગાગરડી ખાલી કરવી પડતી નહતી, તેમજ કાંઇ વગ-વસીલો શોધવો પડતો નહતો. જે ઘરમાં પુરૂષ કરતાં સ્ત્રીની નીતિરીતિ ઉત્તમ હોય છે અને સ્વભાવે મીલનસાર હોય છે તેનાં છોકરાંને વરી જતાં કાંઇ વાર લાગતીજ નથી. તેમ ચમનરાયના બન્ને છોકરાં ઘોડીયામાંથી વરી ગયાં હતાં. ચંદ્રમણીનું સગપણ ૭ વર્ષની વયે સુર્યપુરમાંજ જીર્ણુગઢના દિવાનની પુત્રી સાથે થયું હતું અને ઉર્મિલાનું સગપણ રાજનગરમાં બળવંતરાયના પુત્ર શંભુપ્રસાદ સાથે થયું હતું. ઉર્મિલાના સગપણ વખતે તેની ૯ વર્ષની વય હતી ત્યારે શંભુપ્રસાદની વય પણ તેટલીજ હતી.

ઉર્મિલા સુરતમાં હતી ત્યાં સુધી તેની વૃત્તિ ફક્ત અભ્યાસ કરવા તરફજ હતી પરંતુ મુંબઇમાં આવી ચંદા રામજી ગર્લ્સ હાઇ સ્કુલમાં દાખલ થયા પછી તે જુદી જુદી કોમની કન્યાઓના સહવાસમાં આવવા લાગી, જુદા જુદા મેલાવડાઓમાં ભાગ લેવા લાગી અને રજાના દિવસોમાં કે બીજા પ્રસંગોએ નાટકો જોવા અને સીનેમેટોગ્રાફની દેખાવડી ફીલમો જોવા એકલી જતી. મોહમયપુરીમાં આવ્યા પછી આ પરીએ વિશેષ સ્વતંત્રતાથી મહાલવા માંડયું અને નુતન શહેરના નુતન દેખાવો અવારનવાર જોવા લાગી. ૭ માસ જેટલી મુદતમાં આખું મુંબઇ તેણે ડહોળી વાળ્યું અને ચંદ્રમણી કરતાં મુંબઇની ગલીએ ગલીની માહિતી ઉર્મિલાએ મેળવી લીધી. ચંદ્રમણીનું મેટ્રીકમાં પાસ થયાનું જાહેર થતાં તેને વીલસન કોલેજમાં દાખલ કીધો. મુંબઇમાં રહેતાં લોકોને સ્વતંત્રતા વિશેષને વિશેષ મલે છે તેમ ઉર્મિલાને સુર્યપુર કરતાં વિશેષ સ્વતંત્રતા મલી જેનો લાભ લઇ ઉર્મિલા સ્વચ્છંદી પણે વર્તવા લાગી. ઉર્મિલા ૧૬ વર્ષની વયે અંગ્રેજી સીક્સ્થ સ્ટેન્ડર્ડમાં પહોંચી. ઉર્મિલા જે સાંસારીક બાબતોથી તદ્દન અણજાણ હતી તેણે હવે તેમાં ઝીપલાવવા માંડયું. ઉર્મિલા જ્ઞાતે નાગર, રૂપે દેખાવડી અને મુંબઇની મહીલાઓના પોષાકમાં સજ્જ થતી તેથી તેની સૌંદર્યતામાં આકર્ષક ફેરફાર દેખાતો હતો.

ચમનરાયનું કુટુંબ મૂળથીજ સંગીતનું શોખીન હતું તેથી ઉર્મિલા અત્યાર સુધીમાં હારમોનિયમ પર કેટલાંક ગાયનો વગાડતાં શીખી ગઇ હતી પરંતુ હવે તેને સારીગમની પદ્ધતિ સાથે શીક્ષણ આપવાનો તેના પિતાનો વિચાર થયો. મુંબઇ નગરીમાં સ્ત્રીઓને સંગીતનું શીક્ષણ આપવાને એક પણ કલબ નહિ હોવાથી કોઇ માસ્તર રાખી ઘરે શીક્ષણ આપવાનો સંકેત કીધો.

પરંતુ ઘાટકુપર જેટલે દૂર કોઇએ જવા કબુલ કીધુંજ નહિ. તેમજ પુરૂષ વર્ગના હાથે ઉર્મિલાને શિક્ષણ અપાવવાને સારદામવરી સંમત થઇ નહિ. કેમકે યુવાન છોકરીઓને પુરૂષ માસ્તરો રાખી સંગીતનું શીક્ષણ આપવાથી પરિણામ અનીષ્ટ નીવડે છે તેથી કોઇ સ્ત્રી શિક્ષકની શોધમાં રહયા. એ ત્રણ માસ સુધી તપાસ કરાવતાં કોઇ સ્ત્રી શિક્ષક નહિ મલી આવવાથી ચંદ્રમણીએ તેના પીતાને ગુજરાતી દૈનીક પત્રમાં જાહેર ખબર આપવા ભલામણ કરી જે ચમનરાયને પસંદ પડવાથી બીજે દિવસે ચંદ્રમણિ સાથે જઇ ઇવનીંગ પત્રમાં એક જાહેર ખબર આપી જેથી આનંદી બાઇ નામની એક હિંદુ સ્ત્રીને માસીક રૂપીઆ આઠના પગારથી રાખી અને તે બાઇના ઘરે હમેશાં એક કલાક ઉર્મિલાને જવા ઠરાવ્યું. ઉર્મિલા રોજ સ્કુલમાંથી છુટી આનંદીબાઇ પાસેથી શિક્ષણ લઇ ઘરે જતી. આનંદીબાઇ બાળવિધ્વા હતી, તેનું પોષણ કરનાર કોઇ હતું નહિ તેમ તેની પાસે કાંઇ સાધન નહતું પરંતુ ફક્ત સંગીતકળાજ હતી. તે સ્વભાવે ગરીબ ને મીષ્ટ બોલનારી હતી તેના ઘરે પણ કેટલાંક યુવાન શ્રીમંતો કોઇ કોઇ વખત સંગીતની લહેજત ઉડાવવા આવતા તેને આનંદીબાઇ પ્રસન્ન કરતી હતી. આનંદીબાઇની ચાલ ચલગત માટે લોકોમાં બે મત હતા પરંતુ એટલું તો ખાત્રીથી કહી શકાતું હતું કે તે ગીરગામપરની વેશ્યા જેવી [illegible] મોહમયપુરીની મોહીની અને બાળવૈધવ્યપણાએ તેને અનાચારમાં તો સંડોવેલી હતી છતાં તે બહુજ ગુપ્ત વાત હતી. આવી સ્ત્રીના હાથમાં આપણી નાયિકા ઉર્મિલાનું જીવન મુકવામાં આવ્યું છે.

મનમથરાય નામના એક વડનગરા નાગર શ્રીમંત મલબારહીલ પર રહેતા હતા. તેમનો ધંધો શેર અને રૂની દલાલીનો હતો. સૌભાગ્યચંદ્ર

નામનો મનમથરાયની ૫૦ વર્ષની વયે પુત્ર ઉત્પન્ન થયો હોવાથી તે ઘણોજ લાડમાં ઉછર્યો હતો, તેના પર વિદ્યાદેવીએ કૃપા કરી નહતી. ગુજરાતી ૪ ધોરણનું જ્ઞાન મેળવી મહામુશ્કેલીએ અંગ્રેજી ૭ ધોરણનું શીક્ષણ મેળવવા ભાગ્યશાળી થયો હતો. સૌભાગ્યચંદ્ર બબ્બે વરસે એક વર્ગમાંથી બીજા વર્ગમાં ન ચઢે એવો ચક્કરમ હતો તેથી તેના પિતાએ નીશાળમાંથી ઉઠાડી લઇ પોતાના ધંધામાં જોડયો. પરંતુ ૨૦ વર્ષની યુવાન વય શ્રીમંતાઇના તોરમાં ધંધારોજગારમાં વળગવા દેજ ક્યાંથી? તેમ આ ભાઇ દુકાને ગયા ન ગયા ને આખો દિવસ મોટરમાં આમથી તેમ મહાલવામાં જ ગાળતો હતો. એકપણ દિવસ નાટક કે સીનેમેટોગ્રાફ સુકાયજ નહિ તેની સાથે ગીરગામ અને એવા બીજા નામચીન લત્તામાં તો આ ભાઇની મોટર ધકેલા ખાતીજ હોય. ધનાઢયના પુત્રો તેમના બાપ-દાદાની સકમાઇની લક્ષ્મીનો સદ્વ્યય ભાગ્યેજ કરે છે તેમ સૌભાગ્યચંદ્ર મનમથરાયની લક્ષ્મીનો ધુમાડો કરતો હતો. પાલવા બંદરની વિદેશીય હોટલોમાં જઇ છાંટાંપાણી લેવામાં તેઓને કાંઇ વાંધો હતો નહિ. મનમથરાય, સૌભાગ્યની રીતભાતથી અણજાણ હતો,

આનંદીબાઇના ઘરે સૌભાગ્યચંદ્ર તેનાં મિત્રો સાથે વખતો વખત સંગીતનો સ્વાદ ચાખવા આવતો હતો. એક વખત સાંજના ૭ વાગતાં ઉર્મિલા હારમોનીયમપર બે[illegible]ી આનંદીબાઇ પાસેથી શીક્ષણ લેતી હતી તેવામાં સૌભાગ્ય [illegible] મિત્રો સાથે આવ્યો. આનંદીબાઇએ ઉભા થઇ યોગ્ય સ્થાન આપ્યું અને વાતચીત કરતી બેઠી. ઉર્મિલાએ હારમોનીયમ વગાડવું બંધ રાખી તેઓ તરફ આડી નજરથી જોતી કાન ધરી વાત સાંભળતી બેઠી. સૌભાગ્યની નજર ઉર્મિલા તરફ આ વખતે ખેંચાઇ પરંતુ પોતાની નજર પાછી ખેંચી

લઈ આનંદીબાઇને કહેવા લાગ્યો કે આપ આજ વાલકેશ્વરપર રાતના આવી શકશો? મારા કેટલાક મિત્રોને મે નોતર્યા છે તેઓને તમારા સંગીતનો સ્વાદ ચખાડવા મેં તેઓને વચન આપ્યું છે. આનંદીબાઇએ ઘણી ખુશીથી કબુલ કર્યું. ત્યાર પછી ગામ ગપાટા મારતા આનંદીબાઇએ પાનની થાળી આગળ ધરી તેમાંથી સૌએ બનાવી ખાધાં અને પછી રજા લીધી. આનંદીબાઇ નીચે સુધી ગઇ. ઉર્મિલા ઉપર બારીએ ઉભી રહી સૌભાગ્યચંદ્રને નીહાળવા લાગી એટલામાં મોટર ભૂં-ભૂં-ના અવાજ વચ્ચે ઉપડી ગઇ આનંદીબાઇ ઉપર આવી એટલે ઉર્મિલાએ જણાવ્યું કે હવે ટાઇમ થઇ ગયો છે માટે જઇશ.

સૌભાગ્યચંદ્ર ઉર્મિલાને જોયા પછી તદ્દન વીહવળ બની ગયો હતો. રાત્રે તેણે કરેલા મેલાવડામાં તે તદન ઉદાસ દેખાતો હતો અને હરેક રીતે તેને મેળવવાની તદબીર રચવા લાગ્યો હતો.

વાંચકો આપણે હવે ઉર્મિલાના સાસરા તરફ નજર ફેરવીએ. શંભુપ્રસાદની બુદ્ધી જડ હતી તેથી તે મહા મુસ્કેલીથી થોડું ઘણું અંગ્રેજી વાંચવા-લખવાનું શીખી શક્યો હતો. બલવંતરાયે શંભુપ્રસાદને નીશાળમાંથી ઉઠાડી લઇ પોતાની દુકાનમાં બેસાડ્યો જ્યાં તે ધંધારોજગારમાં તેના પીતાની દેખરેખથી કાંઇક લક્ષ આપવા લાગ્યો. એક દિવસ બલવંતરાયના ધણીઆણી લલીતાગવરીએ પોતાના શંભુનું આવતા શીયાળામાં લગ્ન કરી લેવાનો આગ્રહ કીધો તેથી બલવંતરાયે પોતાના વેવાઇ ચમનરાયને કાગળ લખી લગ્ન કરવાની વાત જણાવી, તેના જવાબમાં ચમનરાયે ઉર્મિલા જ્યાં સુધી મેટ્રીકમાં પાસ થાય નહિ ત્યાં સુધી લગ્ન નહિ કરવાનો મકમ વિચાર જણાવ્યો. ચમનરાયના એ પત્રથી જુના વિચારના બલવંતરાયના

ઘરમાં સઘળાં તાતા ઉના થઇ ગયાં. લલીતાગવરી તો ફાટે મોઢે ન્યાત-જાતમાં કહેવા લાગી કે ઉર્મિલા વહુ મેટ્રીક થઇને મારૂં શું ધોળવાની હતી. એવી ભણેલી વહુ સાસુનું કે સસરાનું માંનશૈજ ક્યાંથી? ત્યારે મારા શંભુડાને તો ગાંઠશૈજ શેની? મુઇ એના કરતાં મારો શંભુ વાંઢો રહેતો શું? છેવટે બલવંતરાયે એક પત્ર ચમનરાય પર ધધડાવીને લખ્યો કે અમારે વહુને ભણાવવી નથી. તમારે ગમે તે જોખમે દિવાલી પછી લગ્ન લેવાંજ પડશે. ઉર્મિલાની વય ઘણી મોટી થઇ ગઇ છે, કન્યાકાળ ચાલી ગયો છે છતાં તમો કાંઇ આપણા રીત રીવાજમાં સમજતા નથી. આપણી જ્ઞાતિમાં તમારી વાતો થાય છે તે અમારાથી સાંભળી શકાતી નથી. બલવંતરાયના ઉક્ત પત્રને ચમનરાયે કોઠું આપ્યુંજ નહિ. ઘણા દિવસ સુધી ચમનરાયના પત્રની રાહ જોયા પછી લલીતાગવરીએ બળવંતરાયને મુંબઇ જઇ લગ્ન નકી કરી આવવા કે સગપણ તોડી આવવા આગ્રહ કીધો જેથી બલવંતરાય મુંબઇ ગયા. ચમનરાયના ઘરમાં સુધારો એવો તો દાખલ થયો હતો કે ઉર્મિલા તેના સસરાની જરા પણ લાજ-મરજાદ રાખ્યા સિવાય ઘરમાં સ્વચ્છંદીપણે ફરતી, બેસતી તેમજ વેવાઇઓની વાતમાં ભાગ પણ લેતી. ચમનરાય તથા સારદાગવરીને શંભુના લગ્ન તુરતમાં કરવાને ઘણાએ સમજાવ્યાં પરંતુ તેઓ એકના બે થયા નહિ, અને એકજ જવાબ આપતા કે ઉર્મિલા મેટ્રીક પાસ થાય ત્યાર પછી લગ્નની વાત. બલવંતરાયનો મિજાજ ફાટયો અને આંખો લાલચોળ કરી બોલ્યા કે મેહેતા આપણી ન્યાતમાં આમ ચાલે નહિ. ધર્મી થઇ શામાટે કર્મ બાંધો છો. બળવંતરાય તમે ગમે તેમ કહો પણ મેં તમને કહ્યું તેમાં જરા પણ ફેરફાર થનાર નથી, ત્યારે મારા છોકરાને બીજે પરણાવી દઇશ.

ચમનરાયે જવાબ આપ્યો કે ઘણી ખુશીથી, તમને બીજી કન્યા મળશે તો મને બીજો મુરતીયો નહિ મળે? તમારા ઘરમાં મારી લાડકી છોકરી શું સુખ માણવાની છે. વાત વધી પડી, ચમનરાય બહુજ ઉશ્કેરાઇ ગયા. તે બોલી ઉઠયા કે મારી ભણેલી–ગણેલી ગરીબ છોકરીનો સ્વભાવ તમારા જેવા ધનાઢયના ઘરમાં શંભુપ્રસાદ જેવા જડબુધ્ધીના છોકરા સાથે સુખી સંસાર કદી નીવડવાનો નથી, માટે મારે મારી છોકરીને તમારા ઘરે પરણાવવીજ નથી. બલવંતરાય રાજનગર ગયા જ્યાં જઇ એક અઠવાડીયામાં શંભુપ્રસાદનું સગપણ બીજા સ્થળે કરવાનો નિશ્ચય કરી જ્ઞાતિને ઉપર બનેલી વાત જણાવી. જે પરથી જ્ઞાતીએ યોગ્ય તકરાર સાંભળી સગપણ તોડી આપ્યું. આ ખબરથી ચમનરાયના સગા–વહાલાંને માઠું લાગ્યું અને ઘણાં-ખરાએ ચમનરાયને ઠપકો આપ્યો, પરંતુ ચમનરાયને કાંઇ સુજ્યું નહિ.

સૌભાગ્યચંદ્ર પર ઉર્મિલાએ જાણે કે કામણ કર્યું ન હોય તેમ આનંદીબાઇના ઘરેથી છુટા પડયા પછી રાત–દિવસ તે ઉર્મિલાને મેળવવાના પ્રયત્નમાંજ હતો. એક વખત પ્રસંગ લાવી સૌભાગ્યચંદ્રે ઉર્મિલા સંબંધી માહીતી આનંદીબાઇથી મેળવતાં તેણે પ્રશ્ન કર્યો કે શું તે કુંવારી છે? હા! તેનું સગપણ રાજનગરમાં કર્યું હતું પરંતુ તે હમણાં જ તોડી નાખ્યું છે? કેમ? ઉર્મિલાનો બાપ એક સુધારક છે તેથી તે મેટ્રીક સુધી તેને ભણાવવાના છે. ત્યારે આનંદીબાઇ તમે મને તે રત્ન મેળવી આપવા મદદ ન કરો? આનંદીબાઇએ કહ્યું ઠીક છે. હું પ્રસંગોપાત ચમનરાયને મલીશ ત્યારે વાત કરીશ અને મારાથી બનતું કરીશ. ત્યારે હું પણ તમને નવાજીશ.

ચમનરાય ઘાટકુપરમાં જે બંગલામાં રહેતા હતા તેના અર્ધ ભાગમાં એક બેંગાલી ગૃહસ્થ રહેતા હતા. તે એક દેશી રાજ્યના વસુ-

લાતી અધિકારી હતા. તેમનું નામ રોમેશચંદ્ર ગુપ્તા હતું. તે એક સીવીલીયન હતા. તેમનું રાજયના કામ પ્રસંગે મુંબઈમાં આવવું થયું હતું. તે સંસાર સુધારાના ખાસ હિમાયતી હતા. ચમનરાય પણ સંસાર સુધારાને માન આપનારા હતા તેથી તેમને વખતો વખત ઘરમાં અને બહાર મલવું થતું હતું. ચમનરાયના છોકરા વખતો વખત મી૦ ગુપ્તાના ઘરમાં જતા અને વિનોદ કરતા તેમ મી૦ ગુપ્તા પણ ચમનરાયના ઘરમાં આવતા જતા હતા. મી૦ ગુપ્તાની ઉમર ચમનરાયના કરતાં નહાની ન હતી. તે જમીનદાર હતા. તેમને એક સ્ત્રી અને તેમના પેટે બે છોકરા અને એક છોકરી ઉત્પન્ન થયેલાં હતાં. તેઓ સઘળાં વતનમાંજ રહેતા હતા. મી૦ ગુપ્તા કાયમને માટે તે બંગલો ભાડે રાખી અવાર—નવાર ત્યાં રજાના દિવસોમાં કે બીજા કામગીરીના વખતમાં આવી રહેવા લાગ્યા. ઉર્મિલા હવે મી૦ ગુપ્તાની સાથે બહુજ છુટથી વર્તવા લાગી અને પોતાના પીતાની માફક ગણી સલાહ લેવા લાગી. આ વર્ષે ઉર્મિલા મેટ્રીકની પરીક્ષામાં પાસ થઇ હતી. તે વખતે ઉર્મિલાને ૨૧ મું વર્ષ બેઠું હતું. ચમનરાયને હવે આગળ ભણાવવાનો વિચાર ન હતો, ચમનરાય ઉર્મિલાને લાયક મુરતીયો મેળવવા તપાસ કરવા લાગ્યા. જ્ઞાતિમાંથી એક પણ ઉર્મિલાને લાયક મુરતીયો મલી આવ્યો નહિ તેથી છેવટે એક ગરીબ કુટુંબમાં પરણાવી દેવા નિશ્ચય કર્યો એક વખત આનંદીબાઇ ઘાટકુપર આવી હતી ત્યારે તેના સમક્ષ ઉર્મિલાના સગપણની વાત સારદાગવરીએ કાઢી ત્યારે આનંદીબાઇએ વખત વિચારી મનમથરાય શેઠની કેટલીક પ્રસંસા કરી અને તેને ૨૨ વર્ષનો સૌભાગ્યચંદ્ર નામનો છોકરો છે તે તમારા લાયક છે તેની તપાસ કરવા જણાવ્યું. આનંદીબાઈની વાત ચમન-

રાયને સારદાગવરીએ જણાવી તેથી તે તપાસ કરવા લાગ્યા જેમાં તે વાત કાંઇક ગળે ઉતરે એવી લાગી. થોડાક વખત સુધી બારીક તપાસ કરી છેવટે સૌભાગ્યચંદ્ર સાથે ઉર્મિલાનો સંબંધ જોડવા નિશ્ચય કર્યો. ઉર્મિલાના જાણવામાં આ વાત આવી ત્યારે તે સૌભાગ્યચંદ્રની વર્તણુંકની તપાસ કરવા લાગી જેના પરિણામમાં તે ઘર-વર ઉર્મિલાને પસંદ પડયાં નહિ. ઉર્મિલા તેના માતપીતાને એ વાત કહેવાની હીમત ચલાવી શકી નહિ. તેણે મી૰ ગુપ્તાને તે વાત જણાવી તેથી મી૰ ગુપ્તાએ તે વાત ચમનરાયને સમસ્યામાં જણાવી છતાં ચમનરાયે તે તરફ કાંઇ વિશેષ ધ્યાન આપ્યું નહિ અને સૌભાગ્યચંદ્ર સાથે ઉર્મિલાનું વેશવાલ કર્યું.

ઉર્મિલા સૌભાગ્યચંદ્રની સાથે લગ્ન કરવા બીલકુલ રાજી ન હતી કારણ કે સૌભાગ્યની ચાલચલગત બહુજ હલકી હતી. ઉર્મિલા આના કરતાં કુંવારા રહેવાનું વધારે પસંદ કરવા લાગી. મી૰ ગુપ્તા ઉર્મિલાના હૃદયની વાતથી અણજાણ નહતા કારણ કે ઉર્મિલા મી૰ ગુપ્તાને ગુપ્તમાં ગુપ્ત વાત કરવાનું સ્થાન ગણતી હતી. મી૰ ગુપ્તા ૬૫ વર્ષની વય થવાથી તુરતમાં પેન્શનપર રિટાયર થયા હતા તેથી તે ઘાટકુપર કાયમ રહેતા હતા. મી૰ ગુપ્તા શ્રીમંત હોવા છતાં સારો પગાર મેળવતા હતા તેથી તેમની પાસે ઘણી મોટી પુંજી હતી. પોતાની પુંજીનો મોટો ભાગ સ્કુલો સ્થાપવામાં, સ્કોલરસીપો આપવામાં, અનાથાશ્રમો ચલાવવામાં, વિદ્યાશ્રમોને આશ્રય આપવામાં આપી દીધો હતો અને અમુક ભાગ પોતા પાસે રાખી બાકીની પુંજીનું વીલ છોકરાઓને બનાવી આપ્યું હતું. આ વખતે મી૰ ગુપ્તાએ ૧૦ હજારની નાદાર રકમ ઉર્મિલાને નામે ચઢાવી આપી હતી.

ચમનરાયે ચંદ્રમણી તથા ઉર્મિલાના લગ્નો મહાશુદીમાં થોડા દિવસના આંતરે લીધાં. ઉર્મિલા સૌભાગ્યચંદ્રની સાથે નહિ પરણવાનો નિશ્ચય કરી બેઠી છે, તે તેના માત-પીતાને કહી શકતી નથી. એક વખત તેણે મી૦ ગુપ્તાને પોતાનો નિશ્ચય જણાવ્યો ત્યારે મી૦ ગુપ્તાએ કાયદાની પોથી કાઢી સલાહ આપી કે તમારી વય કાયદામાં આવતી નથી માટે તમે તમારૂં લગ્ન કરતાં તમારા પીતાને અટકાવવાને ઇનજંકશન મેળવી શકોછો. ઉર્મિલાને તે વાત ગમી અને લગ્નના દિવસે ઇનિજંકશન મળે તેવી સઘળી ગોઠવણ મી૦ ગુપ્તાની ખાનગી મસલતથી કરી રાખી. ચંદ્રમણીનુ લગ્ન પ્રથમ હતું તેથી તેને જીર્ણગઢ જઇ પરણાવી તુરત ચમનરાય મુંબઇ પાછા ફર્યા અને ઉર્મિલાના લગ્નની સઘળી તૈયારીઓ કરવા લાગ્યા.

આજે લગ્નનો દિવસ છે. મનમથરાયના અને ચમનરાયના ઘરમાં આનંદ આનંદ છવાઇ રહયો છે, લગ્નની સઘળી તૈયારીઓ થઇ રહી છે. ત્યારે ઉર્મિલા તેની તૈયારીમાં રહી છે. વરરાજા બપોર-નાં ચાર વાગતા ઘોડાપર સજ્ થઇ બેંડના સરોદ વચ્ચે જ્ઞાતિની વાડી પાસે આવી પહોંચ્યા કે તુરતજ પોંખવાની તૈયારી થઇ એટ-લામાં ઉર્મિલા એક બેલીફ્ સાથે બ્હાર ધસી આવી અને ચમનરાય તથા મનમથરાયના હાથમાં બેલીફે ઉર્મિલાના લગ્નનો અટકાવ કરનારો હુકમ મૂકયો. સાજન માજનમાં ભંગાણ પડયું. ઉર્મિલાને સમજાવવા માંડી પણ તે એકની બે થઇ નહિ અને મોટેથી કહેવા લાગી કે હું મારી મરજી પડશે તેમ વર્તીશ, મને પસંદ પડશે ત્યાં પૈરણીશ. વરરાજા માથું ખજવાળતા ઘેર ગયા અને ઉર્મિલા ઘાટકુપર ચાલી ગઇ. હિંદુ સંસાર સુધારાની બબાઇ આખા શહેરમાં થઇ રહી. છાપામાં આર્ટીકલોના મોટા કોલમના કોલમો

છપાવા લાગ્યા. ચમનરાય અને સારદાગવરી તદન જંખવાણા પડી ગયા. તેઓ ઉર્મિલાના કૃત્યથી બહુજ સંતાપ કરવા લાગ્યા. ચમનરાયની ફજેતી થવામાં બાકી રહિ નહિ. ચમનરાયની પડતી બેઠી, સુખની આશાએ ઉર્મિલા રૂપી ખીલાવેલું ગુલાબ ઝેર રૂપ થઈ પડયું. ચમનરાયનો એકનો એક પુત્ર ચંદ્રમણી પ્લેગમાં સપડાયો અને પરણ્યા પછી ૧૫મે દિવસે બે દિવસની માંદગી ભોગવી આફાની દુનિયા ત્યજી ચાલ્યો ગયો. ઉર્મિલાએ તેના પીતાપર મનાઇ હુકમ મેળવ્યો હતો ત્યારથી તે ચમનરાયના ઘરમાં જતીજ ન હતી. તેણીએ તો હવે મી૦ ગુપ્તાના ઘરનેજ નિવાસ સ્થાન બનાવ્યું હતું. પોતાના ભાઈના મરણની ખબરથી તે વખતો વખત રડી પડતી. થોડા દિવસ ગયા પછી મી૦ ગુપ્તાએ ઉર્મિલાના પ્રેમની માંગણી કરી અને તે તેણે ખુશીથી સ્વીકારી કારણ કે તે ગુપ્તાને ઘણા વખતથી ચાહતી હતી. થોડા વખત સુધી ઘરમાં બન્ને એક દંપત્તિ તરીકે રહ્યા પરંતુ એવી રીતે લાંબો વખત સુધી ચલાવ્યા કરવાથી કાયદો ગુન્હાપાત્ર ઠરાવે છે તેથી તે બાહોશ કાયદાશાસ્ત્રીએ કાયદાનું સરણું લીધું અને શીખ મેરેજ એકટ પ્રમાણે લગ્ન કરવા નિશ્ચય કર્યો.

ગ્રીષ્મ ૠતુમાં ઘાટકુપરથી હવા ખાવાના બાના હેઠળ આબુની શીતળ ટેકરીપર મી૦ ગુપ્તા ઉર્મિલા સાથે ગયા અને ત્યાં એક નાના મેલાવડા સમક્ષ શીખ મેરેજ પદ્ધતીએ ઉર્મિલા સાથે મી૦ ગુપ્તાએ લગ્ન કરી ઉર્મિલાને પોતાની અર્ધાંગ્ના બનાવી. વીજળીક તારના સંદેશાએ એક જાહેર બનાવની નોંધ છાપાઓમાં પ્રકટ કરાવી, સુધારાના રણશીંગડાં ફુંકાવ્યા. ચમનરાયને આ ખબરે બેભાન બનાવી મરણતોલ કરી નાંખ્યો પરંતુ સારદાગવરીની શુશ્રુષાથી ચીમનરાયનું

કાંઇક જીવન ટકી રહેવા પામ્યું. તોપણ ચમનરાયનું જીવતર રદજ થયું. અને ઉર્મિલા માટે રખાયેલી આશાઓ ધુળધાણી થઇ. વળી ઉર્મિલાના એકના બે અને તેમાંથી ત્રણ ભવ થવા પામ્યા. સૌભાગ્યચંદ્રની ઇચ્છાઓ હવામાં લટીકી રહી અને મી० રામેશચંદ્ર ગુપ્તા ઉર્મિલાનું હરણ કરી આબુની શીતળ ટેકરીપર ૬૫ વર્ષની વયે ૨૨ વર્ષની ઉર્મિલા સાથે નવી યુવાવસ્થા ધારણ કરી ગૃહસંસાર ચલાવવા લાગ્યા. થોડા વખત પછી એ નુતન જોડું હિંદુસ્તાનની મુસાફરીએ નીકળ્યું તેમાં મી० ગુપ્તા મદ્રાસમાં બહુજ બીમાર પડી ગયાં જ્યાં હમેશને માટે લાંબી સોડ તાણી સુતાજ. ત્યાર પછી ઉર્મિલાને પોતાના માત-પીતાની આજ્ઞા ઉલંઘન કરવા માટે બહુજ પસ્તાવો થયો પરંતુ તેને તેમના તરફથી આશ્રય કે આશ્વાસન નહિં મળતાં કાશીમાં રહી પોતાનું આયુષ્ય પુરૂં કરવા લાગી. વાંચક હવે અમારા તરફથી **પૈસા સીરીઝનો બીજો મણકો હવે પછી બહાર પડશે તેની રાહ જોતો તું જરા આરામ લે.**

બસો રૂપૈયામાં અન્નદાન

સાથે

અમર નામ.

દાનવીર સજ્જનો અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના ઉદાર હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ! જે દયાળુ દાતા તરફથી એકીવખતે રૂ. બસો દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દીવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે, અને તે દાતાના નામની આરસની તખતી કરાવી ઓફીસમાં ચોડી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ઉદ્ભવ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.